આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ ન્યુ ગુજરાત પેટર્ન યોજનામાં આયોજન તેમજ ફાળવેલ જોગવાઇના અમલીકરણ માટે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ની રૂ.૪૮.૦૦ કરોડની ચાલુ બાબતની વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: WCDD/BUP/e-file/23/2025/1354/E

સચિવાલય, ગાંધીનગર.

તા. ઈ-સાઇન મુજબ.

આમુખ:

રાજ્યના આદિજાતિ વિસ્તારોનો વિકાસ વિકસતી વિસ્તારોની સમકક્ષ કરવાનો તેમજ આદિજાતિઓનું શોષણ અટકાવીને જીવનધોરણ સુધારીને તેઓને સામાજીક અને આર્થિક વિકાસ કરવાના આશયથી ચાલુ નાણાકીય ન્યુ પેટર્ન યોજના હેઠળ રૂ. ૪૮.૦૦ કરોડની જોગવાઈ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબનો ઠરાવ આથી બહાર પાડવામાં આવે છે.

ઠરાવ:

વિભાગની ન્યુ ગુજરાત પેટર્ન યોજનામાં નીચે દર્શાવેલ બજેટ સદર હેઠળની નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ની રૂ.૪૮.૦૦ કરોડની ચાલુ બાબતને નીચેની શરતોને આધિન વહિવટી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | માંગણી ક્રમાંક બજેટ હેડ | વિષય | મંજુર થયેલ જોગવાઈ (રૂ.કરોડમાં) |
|---|---|---|---|
| ૧ | ૯૬-૨૨૩૬-૦૨-૭૯૬-૦૫ | "અનુસૂચિત જનજાતી પેટા યોજના અંતર્ગત પોષણ માટે ખાસ જોગવાઈ" | ૪૮.૦૦ |

શરતો:-

૧. આ યોજનાનો ખર્ચ તા. ૦૧.૦૪.૨૦૨૬ થી કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૬. યોજના હેઠળ અગાઉ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭. સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર (No Objection Certificate) મેળવ્યા પછીજ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.સાધન/ કીટની ગુણવતા સુનિશ્ચિત કરવાની રહેશે.

૮. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૯. આઈ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો-વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૦. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

૧૧. Social Audit અને Third Party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુકરવાનું રહેશે.

૧૨. અંદાજ સમિતિની ભલામણ અનુસાર રાજ્ય વિધાનમંડળ દ્વારા કોઇ નવી સેવા અથવા સેવાના નવા સાધન માટે અંદાજપત્રમાં

માગણી મજૂર કરવામા આવી હોય અને એ બાબત બે વર્ષ સુધી કોઇ ખર્ચ કરવામા આવ્યુ ન હોય, તો પછી વિધાનમંડળની મજૂરી રદ્દ થઇ ગયેલ સમજવી. ત્યારબાદ જો તે બાબત પર ખર્ચ કરવાનુ આવશ્યક બને તો નવેસરથી વિધાનમંડળની મંજૂરી મેળવવાની રહેશે.

૧૩. C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.

૧૪. યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

૧૫. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ સને ૨૦૨૬-૨૭ ના નાણાકીય વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૧૬. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા સલાહકારશ્રીના પરામર્શમાં વિભાગના સચિવશ્રીની તા.૧૭/૦૪/૨૦૨૬ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જયદીપ પટેલ

સેક્શન અધિકારી

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન.રા.ક.મંત્રીશ્રી(સ્વ.હ.), મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (મ.બા.વિ.વિ.)ના રહસ્ય સચિવ, મહિલા અને બાળ વિકાસ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર
- ઉપસચિવશ્રી (બજેટ), આદિજાતી વિકાસ વિભાગ,નવા સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલશ્રી, એકાઉન્ટ જનરલશ્રીની કચેરી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર.
- શાખા સિલેક્ટ ફાઈલ.

Signature Not Verified
Signed by : Jaydeep Patel
Section Officer
Women and Child Development Department
Date : 2026.04.29 11:32:04 IST


Open the document in Adobe Acrobat DC to verify the E-sign